# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે 8.30 વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે.**

2) **કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થામાં વધારો – કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય.**

3) **સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ રાજકીય નેતાઓનો પ્રચાર પૂરજોશમાં.**

4) **રાજ્યના કેટલાક વિસ્તારમાં આવતીકાલથી ત્રણ દિવસ માવઠાની આગાહી.**

5) **IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ દિલ્હી કેપિટલ્સને જીતવા 176 રનનો લક્ષ્યાંક આપ્યો**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે સાડા આઠ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. મહિલા આરક્ષણ સાથે જોડાયેલા બંધારણીય સુધારા વિધેયકને બહુમતી ન મળ્યાના એક દિવસ બાદ પ્રધાનમંત્રી આ સંબોધન કરી રહ્યા છે.

વિરોધ પક્ષના દળો દ્વારા સમર્થન ન મળવાના કારણે મહિલા આરક્ષણ વિધેયક બે તૃતિયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યું. તેના કારણે લોકસભામાં આ વિધેયક પસાર ન કરી શકાયું. પરિસીમન દ્વારા મહિલાઓ માટે આરક્ષણ લાગૂ કરવા સાથે જોડાયેલો કાયદો લાંબી ચર્ચા બાદ પસાર થઈ શક્યો નહતો.

# CENTRE DA ALLOWANCE

કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્રીય સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્શનધારકોને મોંઘવારી રાહત આપવાના વધારાના હપ્તાને મંજૂરી આપી છે, જે આ વર્ષની પહેલી જાન્યુઆરીથી અમલમાં આવશે. તે મૂળ પગાર કે પૅન્શનના વર્તમાન 58 ટકાના દરથી બે ટકા વધુ છે, જેથી મૂલ્ય વૃદ્ધિની ભરપાઈ કરી શકાય.

મંત્રીમંડળની બેઠક બાદ નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ નિર્ણયથી 50 લાખથી વધુ કેન્દ્રીય સરકારી કર્મચારી અને 68 લાખથી વધુ પેન્શનધારકોને લાભ થશે.

**(BYTE: ASHWINI VAISHNAW, UNION I&B MINISTER)**

# ELECTION CAMPAIGN

**રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને એક અઠવાડિયાનો સમય બાકી છે. ત્યારે રાજકીય પક્ષના નેતાઓ મતદારોને રિઝવવા માટે પ્રચારમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે.**

## (VOICECAST: PRAVESH ADIACHA)

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં ચૂંટણી સભા સંબોધી ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો. વાવ-થરાદના ધરણીધર ઢીમા ખાતે વિકાસ સંકલ્પ સભા અંતર્ગત તેમણે પક્ષના કાર્યકર્તાઓ અને સ્થાનિકો સાથે વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી.

તો, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ડાંગ અને તાપીમાં પ્રચાર કર્યો હતો. આહવામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત યોજાયેલી બેઠકમાં તેમણે ઉમેદવારો, અગ્રણીઓ અને નગરજનો સાથે સંવાદ કર્યો. જ્યારે તાપીના ઉચ્છલમાં માણેકપુરમાં અને વ્યારાના જેસિંગપુરામાં વિકાસ સંકલ્પ સભા સંબોધી હતી.

બીજી તરફ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ પણ ચૂંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતર્યા છે. ભરૂચમાં કૉંગ્રેસ દ્વારા નગરપાલિકાની ચૂંટણીને લઈ ઘોષણાપત્ર જાહેર કરાયું. તેમાં માળખાકીય સુધારા, ટ્રાફિક વ્યવસ્થા, સફાઈ પ્રણાલિ મજબૂત કરવા સહિતના મુદ્દાનો ઉલ્લેખ કરાયો છે.

આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા અમદાવાદ મહાનગરપાલિકા માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો. તેમાં શિક્ષણ, આરોગ્ય, રોડરસ્તા સહિતની સુવિધા આપવાનો ઉલ્લેખ કરાયો છે.

બીજી તરફ, ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ દેવભૂમિદ્વારકાના ખંભાટ્યા ખાતે જનસભા સંબોધી અને પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જામનગરમાં ઘરેઘરે જઈ પ્રચાર કર્યો હતો.

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.

# VOTING  AWARNESS CAMPAIN

રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઠેરઠેર મતદાન જાગૃતિ  કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે.

મહેસાણામાં વધુને વધુ મતદાન થાય તે હેતુથી જિલ્લાની શાળા અને કોલેજોમાં સ્વીપ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન માટેના  વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે.

તો અમદાવાદ ગ્રામ્યના 38 હજારથી વધુ સ્પર્ધકોએ ચિત્રકળા અને રંગોળીથી લોકોને મતદાન અંગે જાગૃત કર્યા .

# NARSINH MEHTA UNI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને તેમના કૌશલ્યનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્ર માટે કરવા આહ્વાન કર્યું. જુનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતા વિશ્વ-વિદ્યાલયના ચોથા પદવીદાન સમારોહને સંબોધતાં રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને કહ્યું, છેલ્લા કેટલાક વર્ષથી તમે શિક્ષિત હતા પણ પદવીદાન સમારોહના માધ્યમથી તમે દિક્ષિત પણ બન્યા છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ 36 જેટલા વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક એનાયત કર્યા. ઉપરાંત 170થી વધુ મહાવિદ્યાલયના 27 હજાર 476 જેટલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. તો, 105 પ્રાધ્યાપકોને ડોક્ટરેટની ઉપાધિ અપાઈ હતી.

# VALSAD KERI AAVAK

વલસાડના ધરમપુર બામટી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC બજારમાં કેસર, રાજાપૂરી, આફૂસ અને અથાણાં-લાયક રાજાપૂરી, તોતાપૂરી કેરીની આવક શરૂ થઈ છે. યાર્ડમાં અત્યાર સુધી પાંચ હજાર મણ જેટલી કેરીની આવક થઈ છે. પશ્ચિમ એશિયા સંઘર્ષના કારણે એપ્રિલ મહિનામાં કેરીની માગ ઓછી થઈ હોવાનું પણ નિકાસકારો કહી રહ્યા છે. આ અંગે કેરીના વેપારી હરદીપ રાવલે વધુ માહિતી આપી.

**(BYTE: HARDIP RAVAL, MANGO TRADER)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BK AMBAJI MANDIR TIME

ગ્રીષ્મ ઋતુનો પ્રારંભ થતાં શક્તિપીઠ અંબાજી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. આવતીકાલે સવારે 7-થી 7.30 આરતી થશે જ્યારે 7.30થી 10.45 વાગ્યા સુધી અને બપોરે એકથી 4.30 વાગ્યા સુધી દર્શન થઈ શકશે. તો, સાંજે સાત વાગ્યાથી 7.30 વાગ્યા સુધી આરતી અને રાત્રે 7.30થી નવ વાગ્યા સુધી દર્શન થઈ શકશે. તેમજ અખાત્રીજથી અષાઢી એકમ સુધી બપોરની આરતી પણ થશે.

સૂર્ય નારાયણના દર્શન અરિસા વડે વીસાયંત્રને કરાવ્યા બાદ આ આરતી શરૂ થશે. આ અંગે અંબાજી મંદિરના ભટ્ટજી મંદિરના દેવાંગ ઠાકરે વધુ માહિતી આપી.

**(BYTE: DEVANG THAKAR, BHATTAJI MAHARAJ, AMBAJI TEMPLE)**

# STATE WEATHER UPDATE

રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચ્યું છે. ત્યારે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આવતીકાલથી ત્રણ દિવસ રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરી છે. જ્યારે આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે તેમ પણ શ્રી યાદવે ઉમેર્યું.

(BYTE:RAMASHRAY YADAV, SCIENTIST,

IMD AHMEDABAD)

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ દિલ્હી કૅપિટલ્સને જીતવા 176 રનનો લક્ષ્યાંક આપ્યો છે. બેંગ્લોરના એન. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાતી મેચમાં હાલમાં મળતા

અહેવાલ મુજબ, દિલ્હી કૅપિટલ્સે 18 ઑવરમાં 04 વિકેટ ગુમાવી 151 રન કર્યા છે.

બેંગ્લુરુની ટીમમાંથી સૌથી વધુ 63 રન ફિલ સાલ્ટે બનાવ્યા હતા. જ્યારે દિલ્હી તરફથી અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને લુંગીસાની એન ગીડીએ બે-બે વિકેટ ઝડપી છે.

# Bhavnagar

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં વિશ્વ ધરોહર દિવસ નિમિતે આજે હેરિટેજ મ્યુઝિયમ ખાતે જ્ઞાનવર્ધક કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય અતિથિ શાલિની વર્માએ કહ્યું સાંસ્કૃતિક અને તકનીકી ધરોહર માત્ર ભૂતકાળની યાદો નહી, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણા, જ્ઞાન અને ઓળખનો આધાર છે. તેમણે આપદા અને સંકટની પરિસ્થિતિમાં ધરોહર સંરક્ષણ માટે ઝડપી અને અસરકારક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.સાથે જ તેમણે તમામ ભાગ લેનારાઓને ધરોહરના સંરક્ષણ અને સંવર્ધન માટે શપથ લેવડાવ્યા.

દરમિયાન વક્તૃત્વ અને ક્વિઝ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરનારા 10 વિજેતાઓને મુખ્ય અતિથિ દ્વારા પુરસ્કૃત કરાયા

# CHHOTA UDEPUR AWARNESS PROGRAM

છોટાઉદેપુરના કવાંટ ખાતે બાળલગ્ન અટકાવવા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. અખાત્રીજના દિવસે કેટલીક જગ્યાએ થતાં બાળલગ્નને અટકાવવા વહીવટી તંત્ર દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરાઈ છે. તે અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં લોકોને માર્ગદર્શન અપાયું.

# GNR NATIONAL SEMINAR

ગાંધીનગરમાં “સંતાન વિકાસ અંગે સર્વાંગી દ્રષ્ટિકોણ” વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. તેમાં વિવિધ રાજ્યમાંથી 130થી વધુ પ્રતિનિધિએ ભાગ લીધો. ગાંધીનગરની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના પૂર્વ-પ્રસુતિ સંભાળ વિભાગ અને બાળકોના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં નિષ્ણાતોએ પરંપરાગત ભારતીય જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનના સમન્વય પર ભાર મુક્યો.